**આંક–૧૩**

## મજુર અદાલત નંબર–૧,ભરૂચના પ્રમુખ અધિકારી શ્રી એસ.જી.ડોડીયા સમક્ષ

**રેફરન્સ (એલસીબી) નંબર–૨૪/૨૦૧૮**

**પ્રથમ પક્ષકાર:–** મેનેજરશ્રી,
કોહલર ઈન્ડીયા કોર્પોરેશન પ્રા.લી.
૮૨૮, જી.આઈ.ડી.સી.,
મેગા એસ્ટેટ, વાલીયા રોડ,
ઝઘડીયા, જી. ભરૂચ.

**વિરૂદધ**

**બીજા પક્ષકાર:–** શ્રી વિજય કરસનભાઈ મિસ્ત્રી,
રચના પાર્ક કોલોની,
નવજીવન વિધ્યાલય પાછળ,
પ્રિતમ સોસાયટી ૧, પાસે,
મું.ભરૂચ.

**હાજર રહ્યા:–** પ્રથમ પક્ષકાર તરફે ગેરહાજર.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી બી.એમ.ચૌહાણ.

## –:– ચુકાદો –:–

(૧) હાલનો રેફરન્સ ઔધોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રીના તા.૦૭/૦૪/૨૦૧૮ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસુચિ અનુસંધાને ન્યાયિક નિર્ણય કરવા માટે સુપરત કરવામાં આવેલ છે.

## –:– અનુસુચિ –:–

શ્રી વિજય કરસનભાઈ મિસ્ત્રીની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત  કરવા જોઇએ કે કેમ ?

(૨) આ કામે રેફરન્સ દાખલ થતાં પક્ષકારોને નોટીસ કરતાં બીજા પક્ષકાર તરફે આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરી તેવી હકીકત જણાવેલ છે કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૪/૦૮/૨૦૧૨ ના રોજ પ્રથમ જોબ ઓફરનો પત્ર આપેલો. સદર પત્ર મુજબ સામાવાળા સંસ્થામાં કોલેટી એસ્યુરન્સ ખાતામાં ઈન્સપેક્ટરની કાયમી જગ્યા ઉપર ફરજ પર હાજર થયેલા હતા તથા

૬(છ) માસના પ્રોબેશન પીરીયડ પર ફરજ બજાવી હતી.

બીજા પક્ષકારની ખંત, નિષ્ઠા અને પ્રમાણિકતા પુર્વકની નોકરીને ધ્યાનમાં લઈને સંસ્થા તરફથી તા.૩૦/૦૮/૨૦૧૨ ના રોજ એપોઈમેન્ટ પત્ર આપેલો હતો. બીજા પક્ષકારની કામગીરી સંતોષકારક હોવાથી પ્રથમ પક્ષકાર સંસ્થઆએ તા.૨૬/૦૨/૨૦૧૩ ના રોજ નોકરીમાં કાયમી કામદાર તરીકેનો હુકમ આપેલો હતો. બીજા પક્ષકારની પાંચ વર્ષની સળંગ નોકરીના દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી બજાવી છે. બીજા પક્ષકારનો પગાર રૂ.૧૪,૮૦૦/- દર મહિને કંપનીની એકાઉન્ટ વિભાગની કચેરીમાંથી ચુકવવામાં આવતો હતો. તથા દર માસના પગારમાંથી નિયમ મુજબ પ્રોવિડન્ડ ફંડ કાપવામાં આવતો હતો.

બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૦૩/૧૦/૨૦૧૭ ના રોજ તેમના કોઇપણ જાતના વાંક કે ગુન્હા વગર મૌખિક હુકમથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ. છુટા કરતા પહેલા પ્રથમ પક્ષકારે તેઓને કોઇ મેમો, નોટીસ કે ચાર્જશીટ આપેલ નથી. તેઓને નોટીસ કે નોટીસ પગાર ચુકવેલ નથી તથા અરજદારે દર વર્ષ ૨૪૦ ઉપરંતની કામગીરી કરેલ છે તેમ છતાં છટણી વળતર ચુકવેલ નથી.જે પ્રથમ પક્ષકારોનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે.

બીજા પક્ષકાર બેકાર છે. તેઓએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતાં નોકરી મળેલ નથી. સામાવાળાએ તેઓની જગ્યાએ અન્ય વ્યક્તિને કામ પર રાખેલ છે. તેઓ આજે પણ પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરવા રાજી અને ખુશી છે.

સબબ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે તા.૦૩/૧૦/૨૦૧૭ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું જાહેર કરી તેઓની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરે પુરા પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવાનો હુકમ પ્રથમ પક્ષકારોને ફરમાવવા તથા નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી અન્ય હરકોઇ દાદ અપાવવા તથા આ કામનો ખર્ચ રૂ.૧૦,૦૦૦/- પ્રથમ પક્ષકારો પાસેથી અપાવવાની દાદ માંગેલી છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે જવાબ રજુ ન થતાં બીજા પક્ષકારની આંક-૭ ની અરજી અન્વયે પ્રથમ પક્ષકારનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૪)** આ કામે પક્ષકારો તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>બીજા પક્ષકાર તરફેઃ–</u>**

**<u>મૌખિક પુરાવાઃ–</u>**

(૧) આંક–૮ બીજા પક્ષકાર શ્રી વિજય કરસનભાઈ મિસ્ત્રી ની એફીડેવીટ ઉપર સરતપાસ.

**<u>લેખિત પુરાવાઃ–</u>**

(૧) આંક–૫ માંગણાનું નિવેદન.

(૨) આંક–૬ દસ્તાવેજી પુરાવા.

(૩) આંક–૭ પ્રથમ પક્ષકારનો જવાબનો હકક બંધ કરવા બાબતે અરજી.

(૪) આંક–૯ પ્રથમ પક્ષકારનો ઉલટતપાસનો હકક બંધ કરવા બાબતે અરજી.

(૫) આંક–૧૦ કલોઝીંગ પુરશીસ.

(૬) આંક–૧૧ પ્રથમ પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરવા બાબતે અરજી.

(૭) આંક–૧૨ પ્રથમ પક્ષકારનો દલીલનો હકક બંધ કરવા બાબતે અરજી.

**<u>પ્રથમ પક્ષકાર તરફેઃ–</u>**

આ કામે પ્રથમ પક્ષકાર તરફે કોઇ મૌખિક કે લેખિત પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. બીજા પક્ષકારની આંક–૧૧ ની અરજી અન્વયે પ્રથમ પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૫)** આ કામે બીજા પક્ષકારે પોતાનો રેફરન્સ કેસ પુરવાર કરવા માટે આંક–૮ થી એફીડેવીટ ઉપર સરતપાસ રજુ રાખેલ છે. તેમાં તેઓએ આંક–૫ ના માંગણાના નિવેદનને સમર્થનકારક જુબાનીનું નિવેદન રજુ કરેલ છે. અને માંગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલી છે.

આ કામે પ્રથમ પક્ષકાર દ્વારા પોતે યા તેઓના વિદ્વાન વકીલશ્રી કોર્ટ કાર્યવાહીમાં હાજર ન રહેતા બીજા પક્ષકારની આંક–૯ ની અરજીના આધારે પ્રથમ પક્ષકારનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**(૬)** આ સિવાય બીજા કોઇ પુરાવાઓ બંન્ને પક્ષ તરફથી રજુ રાખવામાં આવેલ નથી. પુરાવાના અંતે આ કામે બીજા પક્ષકારના પ્રતિનિધિ શ્રી બી.એમ.ચૌહાણની દલીલો સાંભળી. તેઓએ

તેમની દલીલમાં માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

**(૬/૧)** પ્રથમ પક્ષકાર કે તેમના વિદ્વાન વકીલશ્રીએ આ કામે હાજર રહી તેમની દલીલ રજુ રાખેલ નથી. બીજા પક્ષકારની આંક–૧૨ ની અરજીના આધારે પ્રથમ પક્ષકારનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**(૭)** ઉપરોકત તમામ હકીકતમાં આ કામે મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા:–</u>**

૧) શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે, તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે ?

૨) શું હુકમ ?

**(૮)** આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણય:–</u>**

૧) અંશતઃ હકારાત્મક.

૨) આખરી હુકમ મુજબ.

**(૯)** આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**<u>કારણો:–</u>**

**<u>મુદ્દા નંબર (૧–૨):–</u>**

બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૪/૦૮/૨૦૧૨ ના રોજ પ્રથમ જોબ ઓફરનો પત્ર આપેલો. સદર પત્ર મુજબ સામાવાળા સંસ્થામાં કોલેટી એસ્યુરન્સ ખાતામાં ઈન્સપેક્ટરની કાયમી જગ્યા ઉપર ફરજ પર હાજર થયેલા હતા તથા ૬(છ) માસના પ્રોબેશન પીરીયડ પર ફરજ બજાવી હતી. તથા તા.૨૬/૦૨/૨૦૧૩ ના રોજ નોકરીમાં કાયની કામદાર તરીકેનો હુકમ આપેલો હતો. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે તેઓના કોઈપણ જાતના વાંક કે ગુના વગર આપવી જોઈતી પૂર્વ નોટીસ આપ્યા વિના કે ચુકવવા જોઈતા નોકરીના હક્ક હિસ્સાના નાણાં કે કાયદેસરના હક્કો ચુકવ્યા વિના એકાએક છુટા કરેલા છે. બીજા પક્ષકારનો નોકરીનો રેકર્ડ ચોખ્ખો હતો. તેઓને છુટા કરતા અગાઉ

કોઇ નોટીસ કે નોટીસ પગાર ચુકવેલ નથી. જેથી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય તદ્દન ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય રદ થવાને પાત્ર છે. સદર સોગંદ ઉપરની જુબાની બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે.

(૯/૧) આ કામે પ્રથમ પક્ષકારોને તક આપવા છતાં બીજા પક્ષકારની ઉલટતપાસ કરેલી નથી. જેથી બીજા પક્ષકારની આંક–૯ ની અરજી અન્વયે પ્રથમ પક્ષકારનો ઉલટ તપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ પ્રથમ પક્ષકારના પુરાવા ઉપર કામ રાખતાં પ્રથમ પક્ષકાર તરફથી કોઇ પુરાવો રજુ થયેલ નથી. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારના મૌખિક પુરાવાને પડકારેલ નથી. જેથી માંગણાના નિવેદનની હકીકતો જેવી કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૪/૦૮/૨૦૧૨ ના રોજ પ્રથમ જોબ ઓફરનો પત્ર આપેલો. તથા તા.૨૬/૦૨/૨૦૧૩ ના રોજ નોકરીમાં કાયની કામદાર તરીકેનો હુકમ આપેલો હતો. તથા તેઓને કાયદેસરના હક્કો પ્રથમ પક્ષકારે ચુકવી આપેલ નથી. અને તેઓને તા.૦૩/૧૦/૨૦૧૭ ના રોજથી કોઇપણ જાતના વાંક કે ગુના વગર નોકરીમાંથી છુટા કરી દીધા છે, છુટા કરતાં પહેલા કોઇ નોટીસ કે નોટીસ પગાર આપ્યા નથી કે કાયદેસરના હક્ક હિસ્સાના નાણાં કે કાયદેસરના હક્કો ચુકવેલ નથી. જેથી ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઇઓનો ભંગ થયેલાનું સ્પષ્ટ તારણ થાય છે.જેથી બીજા પક્ષકારને પુનઃસ્થાપિત થવાનો હક્ક અને અધિકાર મળે છે. જેથી તેઓની સોગંદ ઉપરની હકીકતોને જયારે પ્રથમ પક્ષકાર દ્વારા પડકારવામાં આવેલ નથી ત્યારે તેને ન માનવાને કોઇ કારણ નથી. આ કામે બીજા પક્ષકારના કામનો પ્રકાર જોતાં તેઓને ૨૦ % બેકવેજ સાથે તેમની સળંગ નોકરી ગણી પ્રથમ પક્ષકાર સંસ્થામાં આનુષાંગિક લાભો સાથે પુનઃસ્થાપિત કરવા સંદર્ભેનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચિત ગણાશે. તેથી મુદ્દા નંબર–૧ નો જવાબ આંશિક હકારમાં આપી મુદ્દા નંબર–૨ અન્વયે આખરી ન્યાયી આદેશ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:– **આખરી હુકમ** –:–

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.બી) નંબર–૨૪/૨૦૧૮ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકાર યુફોરીક ફાર્માસ્યુટીકલ ને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ આ એવોર્ડ પ્રસિધ્ધ થયે દિન–૩૦ માં બીજા પક્ષકારને તેમના પડેલા દિવસોના ૨૦ % પગાર સાથે તથા સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા.

(૩) રેફરન્સ કેસના સંજોગો જોતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ખર્ચ પેટે રૂ.૧,૦૦૦/– ( અંકે રૂપિયા એક હજાર પુરા ) ચુકવી આપવા.

(૪) સદર હુકમની નકલ ધી આઇ.ડી.એકટની કલમ ૧૧(૧૦) મુજબ પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, ભરૂચને મોકલી આપવી.

Place : Bharuch
Date : 25/07/2018

( Sandipsinh. G. Dodiya )
UIC No : GJ00902
Presiding Officer (SD)
Labour Court No : 1
Bharuch

Mansi T. Shah
Stenographer